**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૦૪/૨૦૧૬ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૪૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ, ૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૪૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૪૯/૧૬**

**સરખેજઃ** ઝીશાન હૈદર મહમદસજ્જાદ બુખારી (સૈયદ) (રહે. સૈયદવડા, આસ્ટોડીયા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓકાફ સર્વે નં.૩૨૪/૩ જે અમારી માલિકીની હોય તેમ છતા જમીન પચાવી પાડવાના ઇરાદે તા.૨૧/૪/૧૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે આરોપી (૧) હરિભાઇ છગનભાઇ ભરવાડ (૨) લઘરાભાઇ છગનભાઇ ભરવાડ (૩) નવીનભાઇ લઘરાભાઇ ભરવાડ (૪) નાનુભાઇ છગનભાઇ ભરવાડ (૫) સામતભાઇ છગનભાઇ ભરવાડ તથા બીજા પાત્રીસથી ચાલીસ જેટલા માણસોએ ભેગામળી ઝીશાન હૈદર બુખારીના ભાઇ તૌસીફ (ઉ.વ.૩૫) અને જહીર (ઉ.વ.૧૯) નુ ટ્રેકટરમાં નાંખી અપહરણ કરી લાકડી,પાઇપો જેવા હથિયારો વડે માર મારી બન્નેના મોત નીપજાવી સરખેજ ફતેવાડી ગામથી આગળ જતા નેરિયામાં નાખી દીધા હતા. આ ગુનાની તપાસ મ.પો.કમી.શ્રી " એમ " ડીવીજન ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૫૦/૧૬**

**બાપુનગરઃ** રોશનીબહેન પ્રકાશભાઈ ઈંગલે (મરાઠી) (ઉ.વ.૧૭)(રહે. દિપ ભાવના સોસાયટી ઈન્ડીયા કોલોની રોડ બાપુનગર) ને તા.૨૦/૪/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અમીતભાઈ પરમાર (જેના પુરા નામની ખબર નથી) (રહે. કુદેલી સૈજપુર ટાવર નરોડા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રોશનીબહેનના પિતા પ્રકાશભાઈ ઈંગલે તા.૨૧/૪/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી આર કે લાડવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>છેતરપીંડીની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૭૫૧/૧૬</u>**

**કારંજઃ** લક્ષ્મણભાઈ વાલજીભાઈ પરમાર (ઉ.વ.૫૯) (રહે.ધ્વારકેશનગર ઉજાલા હોતલની પાછળ સરખેજ) તા.૨૧/૪/૧૬ બપોરના ૨/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન કારંજ લાલદરવાજા ભદ્ર એસ.બી.આઈ.બેન્કમાં ગયા હતા દરમ્યાન અજાણ્યા પુરૂષે લક્ષ્મણભાઈને વધારે વ્યાજ મળવાની લાલચ આપી લક્ષ્મણભાઈના બેન્કના ખાતામાંથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- ઉપાવડાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી અજાણ્યો પુરૂષ રૂપિયા ૩,૦૦,૦૦૦/- લઈ પલાયન થઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ લક્ષ્મણભાઈ પરમારે કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ ડી પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૫૨/૧૬</u>**

**શાહપુરઃ** સંજય બજરંગલાલ પારીખ (રહે.પાશ્વનગર ગીતાંજલીનગર ડી કેબીન સાબરમતી) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૪/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે શાહપુર આર.સી.હાઈસ્કૂલના ખુલ્લા કંપાઉન્ડમાં પોતાની પુત્રી તેમજ અન્ય સાહેદ એકટીવા પાર્ક કરી આર.સી.હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપવા ગયેલ ત્યારે પાર્ક કરેલ એક્ટીવાની ડેકી ખોલી, તેમજ સાહેદની એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ એક્ટીવાની ડેકીઓમાંથી અલગ-અલગ કંપનીના કુલ ૬ નંગ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ એમ રાણા ચલાવે છે.

**<u>ટ્રેનની અડફેટે મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૫૩/૧૬</u>**

**સાબરમતીઃ** ગીતાબહેન રમેશભાઈ પટેલ (ઉ.વ.૪૮) (રહે.વેદમાતા સોસાયટી સરસ્વતી સ્કૂલની પાસે આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) પતિ સાથે છુટાછેડા થયેલ હોઈ ડીપ્રેશનમાં હોઈ તા.૨૧/૪/૧૬ બપોરના ૨/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડાથી ડી કેબીન સુધીના રેલવે ટ્રેક ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેનેની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શનાભાઈ ધુળાભાઈ ચલાવે છે.

**<u>શોર્ટ-સર્કિટ થતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૫૪/૧૬</u>**

**શહેરકોટડાઃ** બિલાલખાન અમજદખાન પઠાણ (ઉ.વ.૧૩) (રહે.મોટી બલુચાવાડ માયના ઓટલાની સામે દરીયાપુર) તા.૨૧/૪/૧૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે સરસપુર લોધાની ચાલી ખાતે માસાના ઘરે ટી.વી. જોતો હતો ત્યારે ઈલેક્ટ્રીક બોર્ડમાં શોર્ટ-સર્કિટ થતા ટીવીમાં ભડકો થતા બિલાલખાન દાજી જતા સારવાર માટે શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૧૦/૪૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૭૫૫/૧૬**

**બાપુનગરઃ** અંબાલાલ ચતુરદાસ પટેલ (ઉ.વ.૭૫)(રહે.નારાયણ એપાર્ટમેન્ટ ભગવતી સ્કૂલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૪/૧૬ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાનાં ઘરે ફીનાઈલ પી લીધુ હતુ. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન કલાક ૪૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઈ હીરાભાઈ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૭૫૬/૧૬**

| | |
|---|---|
| **નરોડાઃ** એમ કુમારી શોભા લાલબહાદુર થાપા (ઉ.વ.૧૫) (રહે. શીતલનગર ચાલી નરોડા રેલવે ક્રોસીંગ પાસે નરોડા) તા.૪/૪/૧૬ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે.ઉંચાઈ ૪ ફુટ ૮ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **વસ્ત્રાપુરઃ** ભાવનાબહેન ઉર્ફે કાજલ રામાભાઈ પરમાર (ઉ.વ.૧૫)(રહે.ધ ફસ્ટ નામની નવી બનતી સાઈટ ઉપર શીવાલીકની પાછળ માનસી રોડ વસ્ત્રાપુર) તા.૧૫/૪/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સાઈટ નજીકથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને રંગ્તે ગોરા છે. ઉંચાઇ ૪ ફુટ ૫ ઈંચ છે. (વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૫૧૯૦૨) |  |
| **સરદારનગરઃ** પ્રકાશભાઈ નંદલાલ મંગલાણી (ઉ.વ.૩૩)(રહે. સાર્થક ફ્લેટ સરદારગ્રામ રેલવે સ્ટેશન પાછળ સરદારનગર) તા.૧૬/૪/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. જમણા પગની પાનીએ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **સરદારનગરઃ** રોશનીબહેન છગનલાલ ઓડ (ઉ.વ.૧૫)(રહે. રમેશદત્ત કોલોની ભીલવાસ સરદારનગર) તા.૧૫/૪/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી આશ્રય બંગલોઝ વચ્ચેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આછા લાલ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં Roshni કોતરાવેલ છે. ઉંચાઈ ૪ ફુટ ૨ ઈંચ છે.(સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **કૃષ્ણનગર :** કોમલબહેન નંદુભાઈ ખોરવાલ (ઉ.વ.૧૯)(રહે.પ્રેમજી નાનજીની ચાલી સામે ઠક્કરનગર કૃષ્ણનગર) તા.૧૨/૪/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નોકરી જવાનુ કહી નિકળ્યાબાદ પત્તો નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે.(કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)